# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 08/10/2025** **Morning : 7.10 to 7.20**
**Day : WEDNESDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **સંસ્કૃતિ ભુંડિયા** વાંચે છે.

---

1. **આત્મનિર્ભર ભારત, જન આભાર કાર્યક્રમ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીનો આભાર વ્યક્ત કરતા ૧ કરોડથી વધુ પોસ્ટકાર્ડ લખીને ગુજરાતે વિક્રમ સર્જ્યો.**
2. **રાજ્યના ખેડૂતો પાસેથી ટેકાના ભાવે કપાસની ખરીદી કરવા કૃષિમંત્રીનો કોટન કોર્પોરેશન ઓફ ઇન્ડિયાને અનુરોધ**
3. **નવ રચિત ફાગવેલ તાલુકાનું મુખ્યમથક ફાગવેલ રાખવા કેબિનેટનો નિર્ણય, આરેઠમાંથી આઠ ગામ માંડવી તાલુકામાં સમાવાયા.**
4. **‘વાઇબ્રન્ટ ગુજરાત રીજનલ કોન્ફરન્સિસ’ રાજ્યમાં રોકાણો માટેની સજ્જતાનું એક પ્લેટફોર્મ બનશે તેવી આશા વ્યક્ત કરતાં ઉદ્યોગમંત્રી.**
5. **ખોરાક અને ઔષધ તંત્રએ ડીસામાં સંયુક્ત રેડ કરીને 734 કિલો ઘીનો જથ્થો જપ્ત કર્યો.**

---------------------------------------------------------------------------------------

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ 7 વાગીને 45 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....**

# JAN ABHAR PROGRAM

અમદાવાદ ખાતે ગઇકાલે  ગુજરાત ભાજપ પ્રદેશ અધ્યક્ષ અને રાજયના મંત્રી જગદીશ વિશ્વકર્મા અને મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલની ઉપસ્થિતિમાં વિકાસ સપ્તાહ અને "આંતરાષ્ટ્રીય સહકારિતા વર્ષ 2025" અંતર્ગત આત્મનિર્ભર ભારત જન આભાર  કાર્યક્રમ યોજાયો.

આ કાર્યક્રમમાં રાજયમાં છેલ્લા 24 વર્ષમા થયેલા વિકાસના કાર્યો તેમજ રાજયના 75 લાખથી વધુ નાગરિકો અને ખેડૂતો,પશુપાલક ભાઇ-બહેનોએ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીનો આભાર વ્યકત કરતા પત્ર લખ્યા છે. એક કરોડ 11 લાખ 75 હજાર "આભાર મોદીજી" પોસ્ટકાર્ડનો વર્લ્ડ રેકોર્ડ ગુજરાતે સ્થાપિત કર્યો છે.

ગુજરાતના સહકારી આગેવાનો દ્વારા અને ગુજરાતની લગભગ 26 હજાર મંડળીઓ દ્વારા, 12 હજાર ગામડાઓમાં, પાંચ લાખ 50 હજાર કોલેજના યુવાનો દ્વારા અને અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની શાળાઓ પૈકી 1 લાખથી પણ વધારે બાળકો દ્વારા આભાર મોદીજીના પોસ્ટ કાર્ડ લખ્યા છે.

જીવન જરૂરિયાતની વસ્તુઓ કરી અને GST ઘટાડયો અને આત્મનિર્ભર ભારતનું સ્વપ્ન સેવ્યું છે તે બદલ કુલ મળીને 1 કરોડ 11 લાખ 75 હજારથી પણ વધારે "આભાર મોદીજી"ના પોસ્ટ કાર્ડ લખાયા છે.

# VIKAS SAPTAH

રાજ્યમાં વિકાસ સપ્તાહની ઉજવણનો આરંભ થયો છે. જેમાં પાટણ જિલ્લાના ખોલવાડા ખાતે કેબિનેટ મંત્રી બલવંતસિંહ રાજપૂતના અધ્યક્ષસ્થાને વિકાસ સપ્તાહની ઉજવણી “24 વર્ષ: જનવિશ્વાસ, સેવા અને સમર્પણ”ની થીમ સાથે શરૂ કરવામાં આવી. જેમાં મહાનુભાવોના હસ્તે લાભાર્થીઓને વિવિધ યોજનાઓ હેઠળના યોજનાકીય લાભોનું વિતરણ તેમજ વન કુટિર લોકાર્પણ કરવામાં આવ્યું.

રાજકોટ જિલ્લામાં વિકાસ સપ્તાહની ઉજવણી અંતર્ગત સરધાર ગામમાં "વિકાસ સપ્તાહ" નિમિત્તે "વિકાસ રથ"નું સ્વાગત કરવામાં આવ્યું હતું. તેમજ સરકારી એન્જિનિયરિંગ કોલેજ ખાતે આત્મનિર્ભર ગુજરાત ઔદ્યોગિક નીતિ અને ડ્રોન ટેકનોલોજીની જાગૃતિ ફેલાવવા અંગેનો સેમિનાર યોજાયો.

આ તકે ઉપસ્થિતોએ 'ભારત વિકાસ પ્રતિજ્ઞા' લઈને દેશને વિકસિત રાષ્ટ્ર બનાવવાનો સંકલ્પ કર્યો હતો. આ ઉપરાંત પ્રાદેશિક માહિતી કચેરી, રાજકોટનાં કર્મયોગીઓએ પણ ‘ભારત વિકાસ પ્રતિજ્ઞા’ લીધી. આજે રાજકોટ ખાતે યુવા રોજગાર અને કૌશલ્ય સશક્તિકરણ સમારંભ પણ યોજાશે.

કચ્છ જિલ્લામાં પણ "વિકાસ સપ્તાહ" અંતર્ગત કલેક્ટર કચેરી ખાતે “ભારત વિકાસ પ્રતિજ્ઞા' લેવાઈ.

તો મહેસાણા ખાતે જિલ્લા પંચાયત પ્રમુખ, ધારાસભ્ય, જિલ્લા વહીવટી તંત્રના અધિકારીઓ અને કર્મયોગીઓએ 'ભારત વિકાસ શપથ’ લીધા.

છોટાઉદેપુર ખાતે વિકાસ સપ્તાહ અંતર્ગત યુવા સશક્તિકરણ દિવસની ઉજવણી કરાઇ.

# RUSHIKESH SYRUP

રાજ્ય સરકારે ધોરણ વગરની એટલે કે, નૉટ ઑફ સ્ટાન્ડર્ડ જાહેર થયેલી કફ સિરપ દવાઓનું ઉત્પાદન કરતી રાજ્યની પેઢીઓ સામે કડક પગલા લીધા છે.

સુરેન્દ્રનગરની મૅસર્સ શૅપ ફાર્મા પ્રાઇવેટ લિમિટેડ અને અમદાવાદની મૅસર્સ રેડનૅક્સ ફાર્માસ્યૂટિકલ્સ લિમિટેડમાં ખોરાક અને ઔષધ નિયમન તંત્ર તથા કેન્દ્રીય ઔષધ ધારાધોરણ નિયંત્રણ સંસ્થા – C.D.S.C.O. દ્વારા તપાસ હાથ ધરાઈ હતી.

તપાસ અહેવાલમાં દેખાયેલી ક્ષતિના આધારે બંને પેઢીને તાત્કાલિક અસરથી દવાનું ઉત્પાદન બંધ કરવા આદેશ અપાયો હોવાનું રાજ્ય સરકાર દ્વારા જણાવાયું હતું.

# RAGHAVJI PATEL CCI

ટેકાના ભાવ કરતા કપાસનો બજાર ભાવ ઓછો હોવાથી રાજ્યના મહત્તમ ખેડૂતો પાસેથી ટેકાના ભાવે કપાસની ખરીદી કરવા રાજ્યના કૃષિમંત્રી રાઘવજી પટેલે કોટન કોર્પોરેશન ઓફ ઇન્ડિયા(CCI)ને અનુરોધ કર્યો છે.

ટેકાના ભાવે કપાસની ખરીદી સંદર્ભે કૃષિ મંત્રી રાઘવજી પટેલે ગાંધીનગર ખાતે અધિકારીઓ સાથે બેઠક યોજી હતી..ભારત સરકારે કપાસ માટે ૮ હજાર ૬૦ પ્રતિ ક્વિન્ટલ ટેકાનો ભાવ જાહેર કર્યો છે.

જોકે રાજ્યના ગુજરાતના ખેડૂતોના હિતાર્થે કૃષિ મંત્રીએ CCIને વિવિધ સૂચનો પણ કર્યા હતાં જેમાં વધુમાં વધુ ખેડૂતો ખરીદીનો લાભ લઇ શકે તે માટે જરૂર જણાયે નોંધણીની સમયમર્યાદા વધારવી અને કપાસની ટેકાના ભાવે ખરીદી

સમયે દરેક તાલુકા દીઠ ઓછામાં ઓછા બે ખરીદ કેન્દ્રો રાખવા સૂચનાનો સમાવેશ થાય છે..

## બાઇટ- રાઘવજી પટેલ, કૃષિમંત્રી

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

ગોન્ગ મ્યુઝિક

.....................................

## NAVA TALUKAO

રાજ્યમાં વાવ-થરાદ જિલ્લાની રચનાની સાથે કેટલાંક તાલુકાઓમાં પણ ફેરફાર કરાયો છે. આ નવા જિલ્લાઓમાં નવા તાલુકા બનાવ્યા અંગેનો નિર્ણય ગઇકાલે યોજાયેલા કેબિનેટની બેઠકમા લેવાયો હતો.

આ અંગે માહિતી આપતાં સરકારના પ્રવક્તા મંત્રી ઋષિકેશ પટેલે જણાવ્યું હતું કે આરેઠમાંથી 8 ગામો માંડવી તાલુકામાં  સમાવાયા છે. જ્યારે ખેડામાં

ફાગવેલ તાલુકો બનાવાયો છે, જેનું મુખ્યમથક ફાગવેલ રખાયું હોવાનું સરકારના પ્રવક્તા મંત્રી ઋષિકેશ પટેલે જણાવ્યું હતું.

(બાઇટ- ઋષિકેશ પટેલ, પ્રવક્તા મંત્રી , ગુજરાત સરકાર)

## CM DIWALI GIFT

રાજ્ય સરકારના કર્મચારીઓને મોંઘવારી ભથ્થામાં જુલાઈ-2025થી કેન્દ્રના ધોરણે વધારો અપાશે.

કર્મચારીઓને દિવાળીની ભેટ સ્વરૂપે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના આ નિર્ણય અંતર્ગત સાતમા પગાર પંચનો લાભ મેળવતા કર્મચારીઓના મોંઘવારી ભથ્થામાં 3 ટકા અને છઠ્ઠા પગાર પંચનો લાભ મેળવતા કર્મચારીઓના મોંઘવારી ભથ્થામાં 5 ટકાનો વધારો કરાયો છે.

આ ઉપરાંત મોંઘવારી ભથ્થામાં વધારાની 3 માસની તફાવત રકમ-એરિયર્સ એક જ હપ્તામાં ચૂકવાશે. રાજ્ય સેવા અને પંચાયત સેવા તથા અન્ય એમ કુલ 4 લાખ 69 હજાર કર્મચારીઓ અને 4 લાખ 85 હજાર પેન્શનર્સને આ નિર્ણયનો લાભ મળશે.

## MAHESANA REGIONAL VIBRANT CONFERENCE

ગુજરાતે વધુ એક નવતર પહેલ હાથ ધરીને ‘વાઇબ્રન્ટ ગુજરાત રીજનલ કોન્ફરન્સિસ’ યોજવાનું નક્કી કર્યું છે. આ ‘વાઇબ્રન્ટ ગુજરાત રીજનલ

કોન્ફરન્સિસ'ની પ્રથમ શૃંખલા મુખ્યમંત્રીના હસ્તે મહેસાણાથી આવતીકાલે શરૂ થશે , તેમ ઉદ્યોગ મંત્રી બલવંતસિંહ રાજપૂતે જણાવ્યું હતું.

રાજ્યના દરેક પ્રદેશની ઔદ્યોગિક-આર્થિક ક્ષમતા અને રોકાણો માટેની સજ્જતાનું એક અનેરૂ પ્લેટફોર્મ 'વાઇબ્રન્ટ ગુજરાત રીજનલ કોન્ફરન્સિસ' બનશે. ગ્લોબલ ઇન્ડસ્ટ્રિયલ મેપ પર વાઇબ્રન્ટ સમિટથી ગુજરાતની ઊભી થયેલી આગવી ઈમેજને "વોકલ ફોર લોકલ" થકી વધુ ઉજાગર કરવા આ કાર્યક્રમ પરિણામકારી બનશે તેવી ઉદ્યોગમંત્રી બલવંતસિંહ રાજપૂતે આશા વ્યક્ત કરી હતી.

(બાઇટ- બલવંતસિંહ રાજપૂત , ઉદ્યોગમંત્રી)

સૌરાષ્ટ્ર ઝોનની રાજકોટમાં તા. ૮-૯ જાન્યુઆરી, ૨૦૨૬ના રોજ, દક્ષિણ ગુજરાત ઝોનની સુરતમાં તા. ૯-૧૦ એપ્રિલ, ૨૦૨૬ના રોજ અને મધ્ય ગુજરાત ઝોનની વડોદરામાં તા. ૧૦-૧૧ જૂન, ૨૦૨૬ના રોજ આ રીજનલ કૉન્ફરન્સ યોજાશે.

## BANASKANTHA FOOD CHECKING

ખોરાક અને ઔષધ નિયમન તંત્ર પાલનપુર દ્વારા G.I.D.C. ડીસા ખાતે સંયુક્ત રેડ કરાઈ હતી. જેમાં 734 કિલો ઘીનો જથ્થો જપ્ત કરાયો હતો. તંત્રની ટીમ દ્વારા બહુચર ડેરી પ્રોડક્ટસ સામે આ કાર્યવાહી કરાઈ હતી.

આ તપાસ દરમ્યાન પેઢીના માલિક શંકાસ્પદ ઘીનું વેચાણ તથા ઉત્પાદન કરતા હોવાનું માલુમ પડેલુ જેના આધારે ઘીના નમુનાઓ લેવામાં આવ્યા હતા અને ચકાસણી અર્થે ફુડ એનાલીસ્ટ, સરકારી લેબોરેટરીમાં મોકલવાની કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે. બાકીનો ઘીનો ચાર લાખ રૂપિયાથી વધુની કિંમતનો 734 કિલો  જથ્થો જપ્ત કરાયો હતો.

આ મામલે જવાબદારો સામે ફુડ સેફટી એન્ડ સ્ટાન્ડર્ડ એક્ટ-2006 હેઠળ આગામી કામગીરી કરવાની પ્રક્રીયા હાથ ધરાઈ છે.

## PM 24 YEARS – VANCHE GUJARAT

નરેન્દ્ર મોદીએ ગુજરાતના મુખ્યમંત્રી તરીકે પદ સંભાળ્યું એ વાતને ૭ ઓક્ટોબર,૨૦૨૫ના રોજ ૨૪ વર્ષ પૂર્ણ થયા છે. આ ૨૪ વર્ષમાં તેમણે પ્રશાસનમાં અનેક સફળ પ્રયોગો કર્યા.

લોકોમાં વાંચન પ્રત્યે રુચિ વધારવા શરુ થયેલ 'વાંચે ગુજરાત' અભિયાન માત્ર એક અભિયાન નહોતું, પણ જ્ઞાનનું આંદોલન હતું. "પુસ્તકો વાંચવાથી વિચારોમાં સમૃદ્ધિ આવે છે તેવા દૃઢ વિશ્વાસ સાથે શરુ કરાયલી આ પહેલને કારણે  વ્યક્તિના વિચારોમાં દૃઢતા આવી છે અને તેનું બૌદ્ધિક સશક્તિકરણ થયું હોવાનું પ્રાથમિક શિક્ષણ નિયામક મહેશ જોષીએ જણાવ્યું હતું.

(Byte: મહેશ જોશી, પ્રાથમિક શિક્ષણ નિયામક, ગુજરાત)